ગાંધીનગર સમાચાર





**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ

99789-26251

## સલામી સવારની..

*વાતાવરણ ઊભું કરી બનાવી જાય છે!*
*ને દંભ-દેખાડે પ્રજાને મનાવી જાય છે!*
*શીખી ગયા છે 'ઈન્દ્ર' પણ ભાજપી ટેકનીક*
*'વિકાસ' વર્ષાવી ઉંઠાં ભણાવી જાય છે.*

**હાઈકુ**

*લ્યો ! નાહી નાખો!*
*ટૂંપણા નચોવી ને -*
*'ધોધમાર'માં...*

*દબાઈ જાય!*
*કૌભાંડોની માફક*
*હવા દબાણો*

*(ફંટાઈ જાય પ્રેસર - વિખરાઈ જાય વાદળ ક્લીનચીટે)*

### ચિંતન

*પ્રત્યુપકાર ભયાદનાર્યઃ શત્રુર્ભવતિ ।*

ઉપરોક્ત શ્લોક ચાણક્ય નીતિમાંથી લેવામાં આવેલ છે.

દુષ્ટ ઉપર ઉપકાર કરવાથી તે શત્રુ બની જાય છે.

અહેસાન ફરામોશ વ્યક્તિ ઉપકારને ઉપકાર નહીં પણ અપમાન સમજી શત્રુ બની જાય ચે. આથી એવા દુષ્ટો પર ઉપકારના કરવા જોઈએ.

જે વ્યક્તિ દુષ્ટ અને સમજશક્તિ વિનાનો છે સચ્ચાઈ - સદ્‌ગુણ - વિવેકથી જે યોજનો દૂર છે તે સામી વ્યક્તિના સ્વભાવ - સદ્‌ગુણને સમજી જ નથી શકતિ. સારાપણું - ક્ષમાભાવ શું છે એની એને ખબર જ નથી આવી વ્યક્તિ પર ઉપકાર કરવાનો કોઈ જ અર્થ નથી.

### સુવિચાર

- જેનાથી આત્મા સંતુષ્ટ થાય તે સત્ય - **વોલ્ટ વ્હીટમેન**
- સૂર્ય માત્ર પ્રકાશ આપી શકે છે, અંધકાર નહીં, તેવું જ સંતનું છે - **સ્વામી રામદાસ**
- તને મનના કોઈ નિર્ધાર સાથે સૂવો અને જાગો ત્યારે એ જ વિચાર તમારા મનમાં હોય તો આવી ઊંઘ સમાધિરૂપ છે - **રમણ મહર્ષિ**
- સારી સંપત્તિ અને સારી બુદ્ધિ ભાગ્યે જ એક સાથે જોવા મળે છે - **રમણ મહર્ષિ**
- કેટલીવાર ક્ષમા કરવી ? એકવાર ? બે વાર ? ના, સિત્તેર ગુણ્યા સાત વાર !! એટલે કે અનંત વાર - **ઈસુ ખ્રિસ્ત**
- માણસ જ્ઞાનની ઉપેક્ષા કરે તેના કરતાં જ્ઞાનપૂર્વક ભૂલો કરે તે વધારે સારું - **ઓશો**
- આજનું ઔષધ : કમર કાકડીનું ચૂર્ણ બનાવી દૂધમાં નાખી સવાર-સાંજ ખાવાથી રતવા મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

અમેરિકન રાષ્ટ્રપતિ આઈઝન હોવરે વ્હાઈટ હાઉસમાં એક મોટી પાર્ટીનું આયોજન કર્યું હતું. અમેરિકાની મોટી હસ્તીઓને તેમાં બોલાવવામાં આવી હતી. અમેરિકન વિખ્યાત બુદ્ધિશાળી લેખક જેમ્સ મેનેજર ને પણ આ ભવ્ય સમારંભનું આમંત્રણ મળ્યું હતું. પાર્ટીના દિવસે જ એમના ભૂતપૂર્વ શિક્ષિકા માર્ગારેટના સન્માન સમારંભ પણ હતો. કયાં જવું અને કયાં ન જવું એવી ગડમથલ જેમ્સને થઈ. એક બાજુ રાષ્ટ્રપતિનું આમંત્રણ અને બીજી તરફ શિક્ષિકાનો સમારંભ. અંતે તેમણે માર્ગારેટ ટીચરના સન્માન સમારંભમાં જવાનો નિર્ણય કર્યો. તે પહેલાં તેમને રાષ્ટ્રપતિ ને પત્ર લખી જણાવ્યું કે, મહામહિવ, આપના આમંત્રણને માન આપીને સમારંભમાં હું જરૂર આવવા ઈચ્છતો હતો પરંતુ એ જ દિવસે એજ સમયે મારા શિક્ષિકાનો સન્માન સમારંભ યોજાયો છે. આ શિક્ષિકા મારા જીવનના આદર્શ રહ્યા છે. તેમણે મને માત્ર - લખવા - વાંચવાનો જ નહીં પરંતુ દરેક પરિસ્થિતિઓ સામે સ્વસ્થ અને સંતુલનમાં કેવી રીતે રહેવું તે પણ શીખવ્યું છે. મારામાં જ્ઞાન અને આત્મવિશ્વાસનું સિંચન કર્યું છે. આપના આમંત્રણ માટે મને ખૂબ માન છે તથા હું આભારી છું પણ મારી નજર સામે મારા શિક્ષિકા સન્માનિત થતા હોય એ દશ્ય જોવાનો સુવર્ણ અવસર હું નથી ગુમાવવા ઈચ્છતો. પત્ર વાંચી રાષ્ટ્રપતિ ખુદ આફરીન થઈ ગયા અને આ પત્રના જવાબમાં લખ્યું, 'પ્રિય જેક્સ મેનેજર. રાષ્ટ્રપતિ તો આવતા જતા રહેશે. તમારા જીવનમાં જેમણે મહત્ત્વનું યોગદાન આપ્યું છે. તેઓ વારંવાર નથી આવતા. આથી માર્ગારેટ ટીચરના સન્માન સમારંભમાં તમે ખુશીથી હાજરી આપજો અને મારા તરફથી પણ તેમને શુભેચ્છાઓ પાઠવજો.' રાષ્ટ્રપતિનો પત્ર સાથે લઈને જેમ્સ મેનેજર શિક્ષિકાના સન્માન સમારંભ જવા નીકળ્યા.

# રાજયસભામાં પણ હાથનો સાથ નબળો

**તંત્રીસ્થાનેથી...**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ એક મંચ પર આવવા મથતા વિપક્ષોને રાજયસભાના ઉપાધ્યક્ષની ચૂંટણી ટાણે શક્તિ પ્રદર્શનની એક સાનુકૂળ તક સાંપડી હતી, પરંતુ ભાજપની રાષ્ટ્રીય નેતાગીરી ત્યાં પણ કોંગ્રેસના હાથને બહુમતીનો સાથ ન મળે એવું નક્કર આયોજન કરી શકી તે વર્તમાન રાજકીય પ્રવાહોની નોંધપાત્ર ઘટના ગણાશે. રાજયસભામાં પૂરતી બહુમતી નહીં હોવાને કારણે ભાજપના નેતૃત્વ હેઠળના 'એનડીએ' ગઠબંધનને વારંવાર નીચાજોણું થતું રહ્યું છે. લોકસભામાં પ્રચંડ બહુમતી છતાં રાજયસભામાં શાસક પક્ષના પ્રસ્તાવોને અનુમોદન મળવામાં મુશ્કેલી સરજાતી હતી. ધીરે ધીરે વિવિધ રાજયોમાં વિધાનસભાની ચૂંટણીઓ થતી હતી અને કોંગ્રેસી સરકારોનું સ્થાન ભાજપ સરકારો લેતી રહી. જયાં સીધી રીતે કામ પાર પાડવું અઘરું હતું ત્યાં સામૂહિક પક્ષપલટા કરાવી મોદી-શાહની ચાણક્ય-ચંદ્રગુપ્ત જેવી કુનેહબાજ બેલડીએ કોંગ્રેસને નામશેષ કરવાની નેમ ચાલુ રાખી. પરિણામે વિધાનસભાના સદસ્યો દ્વારા ચૂંટાતા રાજયસભાના સભ્યોમાં પણ ભાજપ તેમજ એના સાથી પક્ષોના ઉમેદવારો વિજેતા બનતા ગયા. આમ છતાં, છેક હમણાં સુધી રાજયસભામાં વિપક્ષો જ હાવી રહ્યા હતા. રાજયસભાના ચેરમેન તરીકે હોદ્દાની રૂએ ઉપરાષ્ટ્રપતિ ફરજ બજાવતા હોય છે. આ પદની ચૂંટણી તો રાષ્ટ્રપતિની ચૂંટણી સાથે જ થતી હોઈ એમાં ભાજપના સાંસદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી વેંકૈયા નાયડુ આરામથી ચૂંટાઈ આવ્યા હતા. રાજયસભાના ઉપાધ્યક્ષ પદે કોંગ્રેસી સાંસદ પી જે કુરિયન કાર્યરત હતા. એમની નિવૃત્તિને કારણે આ ચૂંટણી આવી પડી ત્યારે ભાજપની નેતાગીરી ટેન્શનમાં હતી. જો મહાગઠબંધનના કહેવાતા પ્રયાસો સાર્થક થતા હોય તો ભાજપ માટે એનડીએના ઉમેદવારને ચૂંટાવી દેવાનું અશક્યવત જ હતું. પરંતુ ભાજપ દ્વારા બહુ જ કુનેહપૂર્વક નીતીશકુમારના નેતૃત્વ હેઠળના જનતા દળ (યુ) ના સદસ્ય અને પૂર્વ પત્રકાર હરિવંસ નારાયણસિંહને એનડીએના ઉમેદવાર બનાવ્યા અને જદયુ સાથે મીઠા સંબંધો ધરાવતા બિજુ જનતા દળનું સમર્થન મળતાં ભાજપ માટે કોંગ્રેસના ઉમેદવારને હરાવવાનું સફળ બની ગયું. બિજુ જનતા દળના નેતા નવીન પટનાયક જો આવું જ વલણ લોકસભાની ચૂંટણી વખતે પણ અપનાવશે તો તથાશક્તિ મહાગઠબંધન કેટલો દેખાવ કરશે તે પ્રશ્ન છે. ઓડિશાના જ પાડોશી રાજયનાં મુખ્યમંત્રી મમતા બેનર્જીનું સ્વપ્ન કોઈ પણ ભોગે લોકસભાની ચૂંટણીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને હટાવવાનું છે. ભાજપના સૌથી જૂના સહયોગી શિવસેના જેવા પક્ષે છેલ્લા ઘણા વખતથી અધિકૃત રીતે વિરોધી વલણ અપનાવ્યું હોવા છતાં અવિશ્વાસની દરખાસ્ત વખથે તેમજ રાજયસભાના ઉપાધ્યક્ષની ચૂંટણીમાં ભાજપની સાથે જ રહેવાનું પસંદ કર્યું છે તે સૂચક છે. રાજયસભામાં યુપીએની બહુમતીને માત આપી એનડીએ હાવી થઈ જતાં હવે મોદી માટે સંસદમાં કમ્ફર્ટેબલ બહુમતી નિર્માણ થઈ છે. આ જીત ભાજપની રાજકીય કુનેહનું પરિણામ છે અને તે ભવિષ્યમાં પણ ભાજપની નેતાગીરી આવી જ વ્યૂહરચના ગોઠવીને કેન્દ્રમાં પોતાની સત્તાને બચાવી શકવાની ગુંજાયેશ ધરાવે છે, તે બાબતનો સ્પષ્ટ સંદેશ પણ પાઠવે છે.

## જો ઈન્સાન રિસ્ક નહી લેતા હૈ...

*"જો ઈન્સાન રિસ્ક નહી લેતા હૈ, ઉસકા સબ કુછ રિસ્કી હો જાતા હૈ"*

**- રશ**

૨૦૧૨માં ઈમરાન હાશ્મી અભિનિત ફિલ્મ 'રશ'નો આ સંવાદ છે, જેને શમીન દેસાઈએ લખ્યો છે. ઈમરાન હાશ્મી જીવનમાં સફળ થવા માટે જોખમ ખેડવાની વૃત્તિ વાળો હોય છે, માટે તેની ફિલોસોફી મુજબ તે ઉપરનો ડાયલોગ બોલે છે, કે જીવનમાં કામયાબ બનવા માટે રિસ્ક તો લેવું જ પડે છે. જોખમ ખેડ્યા વગર સફળતાનો સ્વાદ ચાખવા નથી મળતો... મોતી લેવા હોય તો કિનારે બેસી ન રહેવાય. જોખમ ખેડીને દરિયામાં ડૂબકી લગાવવી પડે છે, મરજીવા બનવું પડે છે.

આવી જ અર્થચ્છાયા વાળો એક શ્લોક 'હિતોપદેશ' માં મળી આવે છે. નીતિશાસ્ત્રના વિદ્વાન નારાયણ ભટ્ટ વિરચિત આ ગ્રંથ ખૂબ જ લોકપ્રિય છે. પ્રાણીકથાઓના માધ્યમથી નીતિવિષયક ગૂઢ વાતો ખૂબ સરળતાથી કરી દેવામાં આવી છે.

*સર્વત્ર અર્થાર્જન પ્રવૃત્તૌ સન્દેહઃ એવ । તથા ચોક્તમ્ -*
*ન સંશયમ્ અનારુહ્ય નરો ભદ્રાણિ પશ્યન્તિ ।*
*સંશયં પુનરારૂહ્ય યદિ જીવતી પશ્યતિ ॥*

- સર્વત્ર ધન કમાવવાની પ્રવૃત્તિમાં જોખમ કરવું જ પડે છે - જોખમ ખેડ્યા વિના મનુષ્યને કલ્યાણ દેખાતું નથી, પરંતુ જોખમ ખેડીને જો જીવતો રહે તો કયારેક કલ્યાણને જુએ છે.



**ડાયલોગથી દેવભાષા**

ડો. જય ઓઝા

સંસ્કૃત સાહિત્યની અમરકૃતિઓ 'પંચતંત્ર' અને 'હિતોપ્રદેશ' છે અને આ વાર્તાઓમાંથી જ પ્રેરણા લઈને 'ઈસપની કથાઓ' થી માંડીને અવનવી પ્રાણીકથાઓ પાછળથી વિકાસ પામી છે.

પ્રસ્તુત શ્લોક 'હિતોપદેશ'ની શરુઆતમાં આવતી પહેલી કથા કે જે 'લુબ્ધ પથિક' છે, તેમાંથી લેવામાં આવ્યો છે.

## આજે માતૃભાષાની આઠમી કાવ્યશાળા

વૃત્તસંચય

● વિશ્વગ્રામ પ્રેરિત, ગાંધીનગર વિચાર વર્તુળ દ્વારા સાંપ્રત સમયમાં સદ્‌ભાવના, સંવેદના અને સમન્વયના પર્યાયની ખોજમાં વિચારશીલ તથા ચિંતનશીલ વ્યક્તિઓનો સમાલાપ થાય તે હેતુથી, તા. ૫મી ઓગસ્ટ રવિવારના રોજ, કડી કેમ્પસના એચ. પે. પટેલ એમ.બી.એ. કૉલેજના ખંડમાં, વિરમશ કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં જાણીતા વરિષ્ઠ પત્રકાર અને સાહિત્યકાર પ્રકાશ ન. શાહનું 'લોક આંદોલનનું બદલાતું સ્વરુપ અને લોકશાહી' વિષયેનું વકતવ્ય રજૂ થયું હતું.

● સ્વભાષાનું ગૌરવ વધારવા માટે, વ્યક્તિત્વના પ્રાણસમી માતૃભાષાના સત્ત્વને જાણવા, માણવા અને માતૃભાષાના ભાષાશાસ્ત્ર અને વ્યાકરણની સમજૂતી માટે 'માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન' દ્વારા કાર્યશાળાઓ યોજવામાં આવે છે. આ માતૃભાષા સાધકોની આઠમી કાર્યશાળા તા. ૧૧-૮-૨૦૧૮ને શનિવારના રોજ બપોરના. ૨.૩૦ વાગે, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સભાખંડમાં, સેકટર-૨૦, ગાંધીનગર ખાતે યોજાશે, જેમાં ગુજરાતીભાષાના નિષ્ણાંત હર્ષદ પ્ર. શાહ (૧) વર્ણમાળા પરિચય (૨) વર્ણ અને અક્ષરની વ્યાખ્યા (૩) સ્વર અને વ્યંજન (૪) જોડાક્ષરનું વિજ્ઞાન (૫) અનુસ્વારનો વ્યવહાર અને નિયમો વિશે વકતવ્ય આપશે, જયારે દિનેશભાઈ શુક્લ, ચિંતનભાઈ મહેતા (પાટડી) અને તૃપ્તિબહેન ત્રિવેદી પોતાના ભાવ-પ્રતિભાવ અને અનુભૂતિ રજૂ કરશે.



**સાહિત્ય વૃત્ત**

મૂળજીભાઈ પરમાર 'દધિ'

● સમાજસેવાને સમર્પિત સામયિક 'સમાજમિત્ર'ના ઉપક્રમે, સા.ન્યા અને અધિ. વિભાગના પૂર્વ અધિકારી પ્રવીણ શ્રીમાળીના સંશોધન ગ્રંથ 'દલિત લોકવિદ્યા'નો વિમોચન અને લોકાર્પણ વિધિ કાર્યક્રમ, ડૉ. આંબેડકર ભવન, ગાંધીનગર ખાતે, ગુજરાતી દલિત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ અને ખ્યાતનામ સાહિત્યકાર પ્રવીણ ગઢવીની અધ્યક્ષતામાં અને શિવશંકર દવે અને ડૉ. રાજેશ મકવાણાના મુખ્ય મહેમાન પદે અને નટવર હેડાઉ, દિનુ ભદ્રેસરીયા અને ડૉ. શિવરામ શ્રીમાળીની અતિથિ વિશેષ તરીકેની ઉપસ્થિતિમાં સંપન્ન થયો. અધ્યક્ષસ્થાનેથી પ્રવીણ ગઢવીએ જણાવ્યું કે આ સંશોધન ગ્રંથમાં જન્મ, સગાઈ, લગ્ન, મામેરુથી લઈ મરણ સુધીની વિધિઓને આવરી લઈ, વધુ સંશોધન માટે કાચા સોના જેવી બહુમૂલ્ય સામગ્રી પૂરી પાડી છે. મુખ્ય મહેમાન તથા અતિથિ વિશેષ તરફથી પ્રવીણ શ્રીમાળીની લોકવિદ્યાને ઉજાગર કરવાના કાર્યને મહત્ત્વની સેવા ગણાવી હતી.આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં અગ્રણી સાહિત્યકારો અને ગાંધીનગર સાહિત્ય સભાના દોલત ભટ્ટ, ભરત કવિ, મૂળજીભાઈ પરમાર અને કલ્પેશ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.આભારવિધિ વસંત જાદવે કરી હતી જયારે આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન નટુભાઈ પરમારે કર્યું હતું.

*- muljibhaidadhi@gmail.com*

# મોરબી જળ હોનારતની દર્દભરી દાસ્તાન

મોરબી માટે ૧૯૭૯ના વર્ષનો ઓગસ્ટ મહીનો ગોઝારો નીકળ્યો. ૧૧મી ઓગસ્ટે નગરપાલિકાના પ્રમુખ તેમજ મોરબીના મામલતદાર વચ્ચે થયેલો સંવાદ કાળજુ કંપાવી નાખે તેવો વિષાદપૂર્ણ છે.

આ બન્ને જવાબદાર લોકો શહેરમાં મહા પ્રયત્ને જતા હતા અને સામેથી એક બાળક તણાતુ આવ્યું. નગરપાલિકાના પ્રમુખે બાળકને બચાવવાના આશયથી કાળજીપૂર્વક ઊંચકી લીધું. આસપાસ નજર નાખી. બાળકના કોઈ વાલી દેખાયા નહિ. બાળક સામે ધ્યાનથી જોતાં પ્રમુખને ખાતરી થઈ કે બાળકમાં ચેતનાનું નામ ન હતું. પ્રમુખે ઘેર જઈને પોતાના કુટુંબીજનોને બાળક સોંપી દીધું. બાળકના કોઈ વાલી કદાચ આવે તેવી પણ આશા હતી. આથી જરૂરી સમજ – સૂચના ઘરના સભ્યોને આપી. ફરી પાછા મામલતદાર પાસે જવા નીકળ્યા ત્યારે પાણીનો જથ્થો રસ્તાઓ પર વધી ગયો હતો તે તેઓ જોઈ શક્યા. મામલતદાર હતા ત્યાં બજારના મધ્ય ભાગમાં મુશ્કેલીથી પહોંચ્યા. મામલતદાર સ્તબ્ધ હતા. પ્રમુખને જોઈ તેઓ રૂંધાતા અવાજે બોલ્યા : " તમે છોકરું મૂકવા ગયા હતા પણ અહીં તો પતી ગયું ! " ગૂંચવાઈને પ્રમુખ કહે : " શું પત્યું ? " "બધુંજ " મામલતદારના મોઢેથી મહામહેનતે નીકળેલો આ શબ્દ મચ્છુના અફાટ જળરાશી ઉપર દૂર સુધી વિસ્તરતો રહ્યો. અસહાય માનવી કુદરતના પ્રોકાપ સામે ફરી એકવાર વામણો પૂરવાર થયો. ઘટના વિશે અનેક દસ્તાવેજો લખાયા. આ બધામાં અમેરિકાની હાર્વર્ડ યુનિવર્સિટીના ટોમ વૂટન તથા ઉત્પલ સાંડેસરાએ લખેલો વ્રતાંત એક વિશિષ્ટ તથા યાદગાર દસ્તાવેજ છે. અંગ્રેજીમાં લખાયેલા આ પુસ્તકનું શિર્ષક પણ ખૂબજ સૂચક હતું. (No one had a tongue to speak) લેખકોના ઝીણવટભર્યા તેમજ વ્યાપક સંશોધનના આધારે પુસ્તક જીવંત બન્યું છે. નિરંજન સાંડેસરાએ તેનો ગુજરાતી અનુવાદ કર્યો. " ઝીલો રે મચ્છુનો પડકાર " એ પુસ્તક રાજકોટના પ્રવિણ પ્રકાશને પ્રસિધ્ધ કરેલું છે. અમેરિકાના હિસ્ટોરિયન રિચર્ડ વાઈટે આ આલેખનને ઊંડા સંશોધન તેમજ ઊંડી સહાનુભૂતિથી લખાયેલી કથા તરીકે વખાણી છે. વિષયની છણાવટ ભવિષ્યમાં પણ સંદર્ભ તરીકે ઉપયોગી બની રહે તેવી છે. ૨૦૦૬ ના વર્ષમાં ટોમ વૂટન તથા ઉત્પલ સાંડેસરાએ લગભગ ત્રણ મહિના સુધી જાત માહિતી મેળવીને તેમજ દસ્તાવેજોની ચકાસણી કરીને આ મહા વિનાશક ઘટનાની અનેક હકીકતો રોચક શૈલીમાં આલેખી છે. અનેક જાણકાર લોકોએ સ્પષ્ટ શબ્દોમાં જે અનુભવોની જાણકારી સંશોધકોને આપી તેનાથી આ દસ્તાવેજી કાર્ય સમૃધ્ધ બની શક્યું છે. જળ હોનારતનો ભોગ બનેલા અસંખ્ય લોકોને આ પુસ્તક અર્પણ કરવામાં આવેલું છે. મચ્છુ નદી પરનો બંધ તુટવાની ઘટના કદી વિસ્મૃત થઈ શકે તેવી નથી.

સૌરાષ્ટ્ર – કચ્છની ઉત્સવપ્રિય તથા ભાતીગળ સંસ્કૃતિ ધરાવતી પ્રજાને શ્રાવણ માસનું એક વિશેષ મહત્વ છે. આવોજ માહોલ ૧૯૭૯ ના વર્ષના શ્રાવણ માસમાં પણ હતો. સોનામાં સુગંધ ભળે તેમ ૧૯૭૯ માં જન્માષ્ટમી તથા ૧૫મી ઓગસ્ટ બન્ને એકજ દિવસે આવતા હતા. તે સમયમાં રાજકોટ જિલ્લાના મોરબી નગરના લોકો પણ આવાજ ઉમંગ ઉત્સાહથી સાતમ આઠમના તહેવારો માણવા થનગની રહ્યા હતા. મોરબીની ઓળખ મચ્છુકાંઠાના નગર તરીકે સ્થાપિત થયેલી છે. મોરબીને શણગારી મચ્છુ નદી કચ્છના અખાતને મળે છે અને પોતાના અસ્તિત્વને આ ખારાપાટમાં ઓગાળે છે.

દેશ સ્વતંત્ર થયા બાદ અલગ સૌરાષ્ટ્ર રાજયની રચના કરવામાં આવી. સૌરાષ્ટ્ર સરકારે વાંકાનેર નગર પાસે મચ્છુ નદી પર એક ડેમના નિર્માણનો પ્રોજેક્ટ હાથ પર લીધો. આ બંધ મચ્છુ બંધ-૧ તરીકે ઓળખાયો. આ ડેમનું નિર્માણ થયા પછી પણ મચ્છુ નદીના પાણીના પ્રવાહને નિયંત્રિત કરીને બીજો એક બંધ બનાવી શકાય તેવી સ્થિતિ હતી અને વ્યાપક લાગણી પણ હતી. આ રીતે મોરબી પાસે મચ્છુ-૨ બંધનો વિચાર થયો. ૧૯૭૨માં આ બંધનું કામકાજ લગભગ પૂર્ણ કરવામાં આવ્યું.



**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી

એક એવો ઐતિહાસિક સંદર્ભ ચર્ચામાં રહેલો છે કે ૧૯૨૦ ના દસકામાં મોરબી ઠાકોર લખધીરજી જાડેજાએ એમની રાજધાનીના વિસ્તારના ખેડૂતોના લાભ માટે મચ્છુ નદી પર બંધ બાંધવાનો વિચાર કરેલો. તે સમયના દેશના સુવિખ્યાત તથા વિદ્વાન ઈજનેર સર એમ વિશ્વેસરૈયાની આ બાબતમાં તાંત્રિક સલાહ - માર્ગદર્શન મોરબીના રાજવીએ મેળવેલા હતા. સર વિશ્વેસરૈયાને આ બંધ મોરબી નગરની સલામતી માટે યોગ્ય જણાયો ન હતો. આ સલાહ પરથી બંધ બાંધવાની યોજના જે તે સમયે પડતી મૂકવામાં આવેલી તેમ કહેવાય છે. જો કે સત્તાવાર નોંધ મુજબ જમીનના હક્ક બાબતની ગૂંચવણોને કારણે ઠાકોર લખધીરજીએ બંધ બાંધવાની યોજના પડતી મૂકી હતી.

આ પુસ્તકના સમીક્ષકોએ પુસ્તકમાં રજૂ થયેલ વિગતો દરેક કાળમાં સાંપ્રત છે તેમ લખ્યુંછે તે યથાર્થ છે. લોકો કામ કરતા જાય અને વેદનાના આંસુ પણ સારતા જાય તેવું વિરલ દ્રશ્ય દુનિયાએ પૂરગ્રસ્ત મોરબીમાં જોયું. અનેક સંસ્થાઓ તથા વ્યક્તિઓ રાહત તથા પુનઃ નિર્માણના કામમાં સ્વેચ્છાએ જોતરાઈ ગયા. આફતને પણ અવસરમાં પલટી નાખવાનો ગુજરાતીઓનો જુસ્સો જગતે જોયો. રાજયની સરકારે મોરબીમાંજ પડાવ પાથરીને ત્વરીત તથા અસરકારક નિર્ણયો કર્યા. તત્કાલિન મુખ્યમંત્રી શ્રી બાબુભાઈ પટેલની વહીવટમાં જોવા મળતી માનવીય સંવેદનશીલતાનો અનુભવ મોરબીએ કર્યો. આફતનો પ્રતિકાર કરવા માટે આપણે સારી એવી સજ્જતા કેળવી છે. આમ છતાં દરેક કુદરતી આફત સમાજ જીવન ઉપર ઊંડા ઘાવ છોડીને જાય છે. નિર્માણ તથા વિનાશની આ પ્રક્રિયા આપણાં જીવનના અભિન્ન ભાગ બની ગયા છે.

# જાતે જુઠા ઠરીને સ્વમાન નહીં ગુમાવીએ

## ખેડા સત્યાગ્રહે વકીલ છીનવીને 'સરદાર' આપ્યા

અમદાવાદની મિલ-માલિકો વચ્ચેની સંઘર્ષ દિવાલને સમાધાન રૂપે તોડ્યા પછી ગાંધીજીને શાંતિથી બેસવાનો વખત આવ્યો ન હતો. મજૂર હડતાળ પછી તરત જ તેમને ખેડા સત્યાગ્રહમાં જોડાવું પડ્યું હતું.

આ સત્યાગ્રહની સમજ આપતા ગાંધીજી લખે છે 'લોકોની માગણી એવી સાફ અને હળવી હતી કે એનો સારું લડવાપણું જ હોય નહીં. જો પાક ચાર આની કે તેથી ઓછો હોય તો તે વર્ષને સારું મહેસૂલ માફ થવું જોઈએ. એવો સ્પષ્ટ સરકારી ધારો હતો. પણ સરકારના અમલદારોની આંકણી ચાર આની કરતા વધારે હતી.' આ કારણથી ખેડા સત્યાગ્રહ થયો હતો. ગાંધીજી લખે છે ખેડા જિલ્લામાં દુષ્કાળ જેવી સ્થિતિ હોવાની ખેડાના પાટીદારો મહેસૂલ માફ કરાવવા માટે મથી રહ્યા હતા. અમૃતલાલ ઠક્કરે પૂરી તપાસ કરી સરકારને મહેસૂલ માફ કરવા રજૂઆત કરી હતી તો મોહનલાલ પંડ્યા, શંકરલાલ પરીખ અને વિઠ્ઠલભાઈ પટેલે પણ સરકારી અધિકારીઓ સમક્ષ આ મુદ્દે વારંવાર ધ્યાન દોર્યું હતું. ધારાસભામાં પણ મહેસૂલ માફી અંગે ઉગ્ર રજૂઆતો કરવામાં આવી હતી.

અનેક અરજીઓ, તાર-ટપાલ, રૂબરૂ રાવ કરવા છતાં સરકારી અમલદારોની છેક હલકી વર્તણૂંકના કારણે ખેડૂતોનો પ્રશ્ન ઉકેલાયો ન હતો. સરકારી ધારો એમ સૂચવતો કે ચાર આનીથી પાક ઓછો હોય તો મહેસૂલ માફી આપવી. ખેડૂતોનો પાક વરસાદ ન હોવાથી ચાર આનીથી ખાસો ઓછો હોવા છતાં પમ વધુ પાકની આકારણી કરીને મહેસૂલ વસૂલવાનું દબાણ સરકારી અધિકારીઓ કરી રહ્યા હતા. આની સામે ખેડૂતો એક થઈને વિરોધ કરતા હતા. અને લોક સંગઠન જંગ ચડ્યું હતું.

આ લડતમાં વલ્લભભાઈ પટેલ, શંકરલાલ બેન્કર, ઈન્દુલાલ યાજ્ઞિક અને મહાદેવ દેસાઈ પણ સ્થાનિકો સાથે જોડાયા હતા. અત્રે નોંધનીય બાબત એ છે કે વલ્લભભાઈ પટેલ પોતાની ધીકતી વકીલાત છોડીને લડતમાં જોડાઈ ગયા હતા. આ સત્યાગ્રહ લડત પછી સરદાર સાહેબો કયારેય ઠરી બેસીને વકીલાત કરી જ શકયા નહીં એમ કહીએ તો ચાલે - એ રીતે વલ્લભભાઈ પ્રેક્ટીસ કરતા વકીલ મચ્યા પણ સત્યાગ્રહીઓએ તેમને 'સરદાર' બનાવ્યા. ખેડા સત્યાગ્રહે દેશને આગળ જતા ગાંધીજીના પગલે ચાલનારા 'સરદાર' ની ભેટ આપી એમ કહી શકાય.

ગાંધીજીએ સ્થાનિક સાથીઓ સાથે આ લડતમાં ઝંપલાવ્યું. અને નડિયાદમાં અનાથાશ્રમમાં ખેડૂતોની સભા મળી જેમાં પ્રતિજ્ઞા લેવામાં આવી. તમામ ઉપસ્થિત ખેડૂતોએ પ્રતિજ્ઞા લીધી કે પાક ઓછો થયો હોવા છતાં સરકાર ખોટી આકારણી કરીને મહેસૂલ વસૂલ કરવાનું વલણ ધરાવે છે અમારી અરજ ધ્યાનમાં લેવામાં આવતી નથી આથી અમે સરકારની નહીં ભરીએ. પણ તે વસૂલ કરવા સરકારને જે કાયદેસર પગલાં ભરવા હશે તે ભરવા દઈશું. સરકારને જે પગલાં ભરવા હશે તે ભરવા દઈશું. તેથી



**ગાંધી ૧૦૦**

ડો. રાજેન્દ્ર જાની

થતાં દુઃખ સહન કરીશું અમારી જમીન ખાલસા થશે તો પણ અમે થવા જઈશું. પણ અમારે હાથે પૈસા ભરીને જુઠા ઠરી સ્વમાન નહીં ગુમાવીએ.

ખેડૂતોની પ્રતિજ્ઞા આટલેથી અટકતી નથી. ખેડૂતો પ્રતિજ્ઞામાં સ્પષ્ટ કરે છે કે જો સરકાર મહેસૂલનો બીજો હપ્તો (તે સમયનો) તમામ જગ્યાએ મુલત્વી રાખે તો અમારામાં જે શક્તિમાન હોઈશું તે પૂરી અગર બાકી રહેલી મહેસૂલ ભરવા તૈયાર છીએ. અમારામાંના જે શક્તિમાન છે. તેમને મહેસૂલ ન ભરવાનું કારણ પણ બહુ રોચક આપવામાં આવ્યું હતું. મોટા અથવા ખમતીધર ખેડૂત પણ મહેસૂલ કેમ ન ભરે એનું કારણ એવું રજૂ કરવામાં આવ્યું કે 'જો શક્તિમાન ખેડૂત મહેસૂલ ભરી દે તો અશક્તિમાન ખેડૂત ગભરાટમાં પોતાની ગમે તે ચીજ વેચીને કે કરજ કરીને મહેસૂલ ભરે અને દુઃખ ભોગવે. એવી હાલતમાં ગરીબોનો બચાવ કરવો એ શક્તિમાનની ફરજ છે એવી અમારી માન્યતા છે.'

આજથી ૧૦૦ વર્ષ પહેલા ગુજરાતના ચરોતર - ખેડા વિસ્તારના ખેડૂતો સરકાર સામે ખોટી મહેસૂલ નહીં ભરવા આંદોલન કરે અને પ્રતિજ્ઞા લે એટલું જ નહીં માલેતુજાર ખેડૂત નાના-ગરીબ ખેડૂતનું ધ્યાન રાખે એવી સત્યાગ્રહી શિખ તો ગાંધી અને સરદાર સહિયારા આંદોલનમાં જ જોવા મળે.

(લેખક સમાજશાસ્ત્રના સહપ્રાધ્યાપક છે.)